## જન્મદિને વધામણી



**વિપુલ ચૌહાણ**
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૯૦૬૭૧૩૧૩૭૨



**જયેન્દ્રભાઈ ઠાકોરલાલ સોની**



**લીલાબેન જી સોલંકી**
મો. ૯૫૮૬૬ ૯૮૬૭૯



**ધારા કિરીટકુમાર આસોડિયા**



**આર્યા વિપુલકુમાર પટેલ**

# સરકારનો બુસ્ટર ડોઝ : કોર્પોરેટ ટેક્સ ૨૨ ટકા

### જીએસટી કાઉન્સિલની બેઠક પહેલા સુસ્ત અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવાના હેતુ સાથે મોટી ઘોષણા : સરચાર્જ અને સેસ જોડીને પ્રભાવી દર ૨૫.૧૭ ટકા રહેશે

નવી દિલ્હી,તા.૨૦

નાણાં મંત્રી નિર્મલા સીતારામને સુસ્ત રહેલા અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે આજે એકાએક મોટી જાહેરાતો કરીને તમામને ચોંકાવી દીધા હતા. જીએસટી કાઉન્સિલની બેઠક યોજાય તે પહેલા જ આ મોટી જાહેરાતો કરવામાં આવી હતી. સીતારામને સ્થાનિક કંપનીઓ અને નવી સ્થાનિક મેન્યુફેકચરીંગ કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સના દરોમાં ઘટાડાની જાહેરાત કરી હતી. ગ્રોથને પ્રોત્સાહન આપવા માટે નાણાં મંત્રી દ્વારા નવી સ્થાનિક કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સના દરને ઘટાડીને ૨૨ ટકા કરી દીધો છે. જો કે કોઇ પ્રકારના ઈન્સેન્ટિવ અથવા તો છુટછાટ લીધેલી ન હોય તેવી કંપનીઓને આના લાભ મળનાર છે. નાણાંપ્રધાનની જાહેરાતથી શેરબજારમાં દિવાળી જેવો માહોલ જામી ગયો છે. તમામ સેકટર ઈન્ડેક્સમાં રેકોર્ડ ઉછાળો આવ્યો છે. સ્થાનિક કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સના દર ઘટાડીને ૨૨ ટકા કરી દેવામાં આવ્યા છે. જો કે પ્રભાવી દર ૨૫.૧૭ ટકા રહેનાર છે. ગ્રોથ અને રોકાણને વધારી દેવા માટે આ મુજબની મોટી જાહેરાતો કરવામાં




આવી છે. આને વધારી દેવા માટે ઈન્કમ ટેક્સ એકટમાં ફેરફાર વર્તમાન નાણાંકીય વર્ષ અટલે કે ૨૦૧૯-૨૦થી લાગુ થનાર છે. સ્થાનિક કંપનીઓ પર કોઈ પણ છુટછાટ ના ઈન્કમ ટેક્સ ૨૨ ટકા રહેશે. આ ઉપરાંત સરચાર્જ અને સેસને સામેલ કરીને પ્રભાવી દર ૨૭.૧૭ ટકા રહેનાર છે. પહેલા આ દર ૩૦ ટકા હતો. નાણાંપ્રધાને કહ્યુ છે કે કોર્પોરેટ ટેક્સ ઘટાડી દેવા અને અન્ય રાહતો આપવાથી સરકાર પર ૧.૪૫ લાખ કરોડનો બોજ પડનાર છે. મેક ઈન ઈન્ડિયાને બુસ્ટ કરવા માટે ઈન્કમ ટેક્સ એકટમાં એક કલોઝ જોડી દેવામાં આવ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં પહેલી ઓક્ટોબર બાદથી રચવામાં આવેલા કંપની જે મેન્યુફેકચરિંગમાં રોકાણ કરશે તેની પાસે ૧૫ ટકાના દરે આવકવેરા આપવાનો વિકલ્પ રહેનાર છે. એટલે કે પહેલી ઓકટોબર ૨૦૧૯ના દિવસો અથવા તો ત્યારબાદ ભારતમાં રચવામાં આવેલી કોઈ પણ કંપની પર ૧૫ ટકા ટેક્સ લાગુ થશે. જો આ કંપનીઓ ૩૧મી માર્ચ ૨૦૨૩ પહેલા ઉત્પાદન શરૂ કરે છે તો ૧૫ ટકા ટેક્સ લાગુ થનાર છે.

# શેરબજારમાં દિવાળી પહેલા દિવાળી

### સેન્સેક્સમાં ૧૯૨૧ પોઇન્ટનો જોરદાર ઉછાળો : સીતારામનના કોર્પોરેટ ટેક્સમાં કાપ સહિતની જાહેરાત બાદ તેજી : માર્કેટમાં ૫ ટકા કરતા પણ વધારે ઉછાળો રહ્યો : છેલ્લા ૧૦ વર્ષમાં એક દિવસનો સૌથી મોટો નોંધાયેલો ઉછાળો : ઓટો અને બેંકિંગમાં મોટો ઉછાળો

મુંબઇ,તા. ૨૦

નાણાંપ્રધાન નિર્મલા સીતારામનની શ્રેણીબદ્ધ જાહેરાત બાદ શેરબજારમાં દિવાળી જેવી તેજીનો માહોલ આજે છવાઇ ગયો હતો. જીએસટી કાઉન્સિલની બેઠક યોજાય તે પહેલા જ આ મોટી જાહેરાતો કરવામાં આવી હતી. આ તેજી હવે કેટલાક દિવસ સુધી જારી રહી શકે છે. આજે નાણાંપ્રધાનની જાહેરાત બાદ શેરબજારમાં રેકોર્ડ તેજી નોંધાઇ હતી. સેંસેક્સ ઈન્ટ્રા ડે દરમિયાન ૧૯૨૧ પોઇન્ટ ઉછળી ૩૮૦૧૪ની ઉંચી સપાટીએ બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૫૬૯ પોઇન્ટ ઉછળી ૧૧૨૭૪ની સપાટીએ બંધ થયો હતો. બીએસઈ ૩૦ શેર પર આધારિત સેંસેક્સ સવારે ૧૨૧ પોઇન્ટની તેજી સાથે ખુલ્યો હતો અને



૫.૩૨ ટકા અથવા તો ૧૯૨૧ પોઇન્ટ ઉછળીને બંધ રહ્યો હતો. દિવસ દરમિયાન કારોબારમાં સેંસેક્સ ૩૮૩૭૮ના ઉંચા સ્તર અને ૩૬૦૮૫ના નીચા સ્તર વચ્ચે રહ્યો હતો. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેકસમાં પણ જોરદાર તેજી જોવા મળી હતી. મિડકેપ ઈન્ડેક્સ ૮૩૪ પોઇન્ટના ઉછાળા સાથે ૧૪૧૨૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ ૫૦૦ પોઈન્ટના ઉછાળે સાથે ૧૩૨૦૪ની સપાટીએ બંધ રહ્યો હતો. એનએસઈ ૫૦ શેર ઈન્ડેક્સ નિફ્ટી ૪૨ પોઇન્ટની સાથે ૧૦૭૪૬ ઉપર ખુલ્યો હતો અને ૫૬૯ પોઇન્ટના ઉછાળા સાથે ૧૧૨૭૪ની સપાટીએ બંધ રહ્યો હતો. દિવસભરના કારોબારમાં નિફ્ટી ૧૧૩૮૧ના ઉંચા અને ૧૦૬૯૧ના નિચલા સ્તર પર રહ્યો હતો. બીએસઈમાં ૧૭માંથી ૧૭ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી જોવા મળી હતી. નાણાંપ્રધાનની શ્રેણીબદ્ધ જાહેરાતોથી બજારઝુમી ઉઠ્યા છે. ગ્રોથને પ્રોત્સાહન આપવા માટે નાણાં મંત્રી દ્વારા નવી સ્થાનિક કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સના દરને ઘટાડીને ૨૨ ટકા કરી દીધો છે. જો કે કોઇ પ્રકારના ઈન્સેન્ટિવ અથવા તો છુટછાટ લીધેલી ન હોય તેવી કંપનીઓને આના લાભ મળનાર છે. નાણાં પ્રધાનની જાહેરાતથી શેરબજારમાં દિવાળી જેવો માહોલ જામી ગયો છે. તમામ સેકટર ઈન્ડેક્સમાં રેકોર્ડ ઉછાળો આવ્યો છે. સ્થાનિક કંપનીઓ માટે કોર્પોરેટ ટેક્સના દર ઘટાડીને ૨૨ ટકા કરી દેવામાં આવ્યા છે. જો કે પ્રભાવી દર ૨૫.૧૭ ટકા રહેનાર છે. ગ્રોથ અને રોકાણને વધારી દેવા માટે આ મુજબની મોટી જાહેરાતો કરવામાં આવી છે.

આને વધારી દેવા માટે ઈન્કમ ટેક્સ એકટમાં ફેરફાર વર્તમાન

## એક કલાકમાં રોકાણકારો રૂપિયા ૫ લાખ કરોડ કમાયા

મુંબઈ, તા. ૨૦

સ્થાનિક કોર્પોરેટ જગત અને વિદેશી પોર્ટફોલિયોના નાણામંત્રી નિર્મલા સીતારામનની જાહેરાતને લઈ શેરબજારમાં દિવાળી જેવા માહોલ જોવા મળ્યો હતો. સરકારના આ ગિફ્ટથી ખુશ શેરબજાર એક સમયે ૨૦૦૦ પોઇન્ટ સુધી ઉછળ્યો હતો. કોર્પોરેટ ટેક્સમાં કાપ અને કેટિલ ગેન્સ ટેક્સમાં સરચાર્જની છુટથી ખુશ થયેલા શેરબજારમાં રોકાણકારોની મૂડી એક કલાકમાં આશરે પાંચ લાખ કરોડ વધી ગઈ હતી. બીએસઇના ડેટા અનુસાર જાહેરાત બાદ બજારમાં તેજી જોવા મળી હતી. ટુંક સમયમાં જ માર્કેટ ૧૪૩.૪૫ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું હતું જે ગુરુવારે ૧૩૮.૫૪ લાખ કરોડ હતી એટલે કે લગભગ ૫ લાખ કરોડનો વધારો જોવા મળ્યો હતો. સેંસેક્સ નવા રેકોર્ડ તરફ આગળ વધી રહ્યું છે. સેંસેક્સમાં એક દિવસમાં તેજી ૧૦ વર્ષ પહેલા જોવા મળી હતી. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૫૦૦ પોઇન્ટ વધીને ૧૧૨૫૦થી પાર થયો હતો. ૧૦ વર્ષમાં પ્રથમ ઈન્ટ્રાડેની હાઈ સપાટી છે. કેપિટલ માર્કેટમાં ફંડના પ્રવાહને પ્રોત્સાહિત કરવા નાણામંત્રીએ કહ્યું છે કે, બજેટમાં વધારવામાં આવેલા સરચાર્જ ઈક્વિટી શેરોથી થયેલી વેચવાલીથી થયેલી આવકપર નહીં આપવો પડે. આ છુટછાટના દાયરામાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો પણ આવી જશે જે ડેરિવેટિવ્સમાં વેપાર કરે છે. નાણામંત્રીએ કહ્યું હતું કે, ઘટાડા બાદ સેસ અને સરચાર્જને જોડીને પ્રભાવી કોર્પોરેટ ટેક્સ ૨૫.૧૭ ટકા થઇ જશે જે પહેલા ૩૦ ટકા હતો.




ફળદાયી બેઠક - મંદીના માહોલ વચ્ચે ગોવા ખાતે નાણાં મંત્રી નિર્મલા સીતારામનની અધ્યક્ષતામાં યોજાયેલ ૩૭મી જીએસટી કાઉન્સીલની બેઠકમાં ૨૦ થી ૨૫ કેટેગરીમાં જીએસટીના દરમાં રાહત આપવાનો નિર્ણય કરાયો હતો. જોકે ૧૦૦૦થી ઓછા ભાડાવાળી રૂમની હોટલમાં જીએસટી સંપૂર્ણ રદ કરવાનો નિર્ણય કરાયો હતો. આ ઉપરાંત ઘણીબધી કેટેગરીમાં જીએસટીના દર ઘટાડવાના નિર્ણયો કરાયા હતા.

## "સરકાર આપણાં આંગણે" કાર્યક્રમમાં અરવલ્લીના કલેક્ટરની સાદગી પ્રજાને સ્પર્શી ગઈ

અરવલ્લી જીલ્લા નવનિયુક્ત કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર જીલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે કામગીરી આરંભી દીધી છે 'સરકાર આપણાં આંગણે' રાત્રી મુકામ કાર્યક્રમ અંતર્ગત માલપુર તાલુકાના જેસીંગપુર (જલારામ મંદિર પાસે) રાત્રી ગ્રામ સભામાં કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતામાં યોજાયો હતો. જેશીંગપુરના ગ્રામજનો કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર અને વહીવટી તંત્રના અધિકારીઓ માટે સુસજ્જ કરેલી બેઠક વ્યવસ્થાના બદલે સામાન્ય ખુરશીમાં પ્રજાજનો વચ્ચે ઉપસ્થિત રહેતા અને તમામ પ્રશ્નો શાંતિપૂર્ણ સાંભળી ઉકેલ લાવવાની હૈયાધારણાથી પ્રજાજનોમાં કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરની સાદગીથી ગ્રામજનો અભિભૂત બન્યા હતા.



માલપુર તાલુકાના જેસીંગપુર ખાતે યોજાયેલ 'સરકાર આપણાં આંગણે' કાર્યક્રમમાં જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર, જીલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામોલીયા, જીલ્લા આયોજન અધિકારી સુરેન્દ્રસિંહ ડાભી અને વહીવટીતંત્રના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેસીંગપુર ગામના અગ્રણી દ્વારા ગામ વતી ગામના વિકાસલક્ષી મૂંઝવતા પ્રશ્નોની રજૂઆત કરવામાં આવી તથા ગ્રામજનો દ્વારા પણ મૂંઝવતા પ્રશ્નોની વ્યક્તિગત રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ગામને જોડતા રસ્તા બનાવવા અંગે, પીવાના પાણી અંગે, શૈક્ષણિક સંસ્થા(હાઈસ્કૂલ) અંગે, સિંચાઇના પાણી અંગે, તેમજ સરકારી વિવિધ યોજનાઓના લાભ અંગે પ્રશ્નોની રજૂઆત થઈ હતી. જેમાં સંબંધિત કચેરીના અધિકારીઓ સાથે રાખી હકારાત્મક અભિગમ સાથે નિરાકરણ લાવવા જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે હૈયાધારણા આપી હતી.

જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે માલપુર સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ આરોગ્ય લક્ષી સેવાઓ અને સુવિધા અંગે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી અને તાલુકાના પ્રજાજનોને આરોગ્યલક્ષી સેવાઓ સુદ્રઢ મળી રહે તે માટે ઉપસ્થિત સ્ટાફને સૂચનો કર્યા હતા.

## સતત ચોથા દિવસે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં વધારો

ન્યુ દિલ્હી,તા.૨૦

પેટ્રોલ અને ડીઝલ ની કિંમતોમાં તેજી રોકાવવાનું નામ લઇ રહી નથી. પેટ્રોલની કિંમત શુક્રવારના ૩૫ પૈસા વધી ગઇ છે. જ્યારે ડીઝનના ભાવમાં ૨૮ પૈસાનો વધારો જોવા મળ્યો છે. દિલ્હીમાં શુક્રવારે પેટ્રોલના ભાવ ૭૩.૦૬ પ્રતિ લીટરે પહોંચ્યા છે. આ રીતે, ડીઝલના ભાવ ૬૬.૨૯ રૂપિયા પહોંચ્યા છે. સ્થાનિક બજારમાં સતત ચોથા દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં ઝડપી તેજી આવી રહી છે. પેટ્રોલના ભાવ શુક્રવાર સવારે વધીને કોલકાતા, મુંબઇ અને ચેન્નાઇમાં ક્રમશઃ ૭૫.૭૭ રૂપિયા, ૭૮.૭૩ રૂપિયા અને ૭૫.૯૪ રૂપિયા પ્રતિ લિટર થયો છે. આજ પ્રકારે ત્રણ મહાનગરોમાં ડીઝલના ભાવ ક્રમશઃ ૬૮.૭૦ રૂપિયા, ૬૯.૫૪ રૂપિયા અને ૭૦.૦૮ રૂપિયાના સ્તરે પહોંચી ગયો છે.

છેલ્લા ચાર દિવસની વાત કરીએ તો પેટ્રોલના ભાવમાં ૧.૦૩ રૂપિયાનો વધારો થયો છે. આજ પ્રકારે ડીઝલ પરણ ૮૬ પૈસા પ્રતિ લીટર મોંઘુ થયું છે. તમને જણાવી દઈએ કે, શુક્રવારથી પહેલા ગુરૂવારે પેટ્રોલના ભાવમાં ૨૯ પૈસા, બુધવારે ૨૫ પૈસા અને મંગળવારે પેટ્રોલ ૧૪ પૈસાનો વધારો થયો હતો.

## વિશ્વ અલ્ઝાઈમર દિવસના પ્રસંગે શેલ્બી હોસ્પિટલ દ્વારા મગજના રોગો અંગે સેમિનાર યોજાશે

મગજનું વજન શરીરનું માત્ર ૨ ટકા જ છે, પણ શરીરના મુખ્ય સંચાલક અંગ તરીકે તેની સાર સંભાળ ખુબજ જરૂરી છે. શરીરના લગભગ દરેક મુખ્ય અંગનું પ્રયારોપણ કરી શકાય છે, પરંતુ મગજનું પત્યારોપણ હજુ સંભવ થયું નથી, તેથી મગજની બીમારીની સારવાર માટે કુશળતા, અનુભવ, અને અથાગ પ્રયત્નોની જરૂર રહે છે. તેથી જ શેલ્બી હોસ્પિટલ માં અમારી પાસે તમામ જરૂરી સુવિધાથી સુશજ્જ અને શ્રેષ્ઠ પરિણામ માટે કટિબદ્ધ સમર્પિત 'ન્યુરોસાયન્સ' વિભાગછે. પછી ભલે એ મગજની કોઈપણ બીમારી જેમ કે, માથામાં ઈજા, લકવો, મગજની ગંભીર ગાંઠ અથવા એન્યુરિઝમ હોય, શેલ્બી હોસ્પિટલની સહાનુભૂતિ અને શ્રેષ્ઠ ડોક્ટરો દ્વારા સાર સંભાળ લેવામાં આવે છે. શેલ્બી હોસ્પિટલના સિનિયર ન્યુરોસુર્જન ડો. સત્યજિત દીક્ષિતે કહ્યું કે, "વાહનો અને રસ્તાઓ ની બગડેલી હાલતથી ડ્રાઈવિંગ માં મુશ્કેલીઓ સર્જાય છે. અક્સમાત થાય છે. અને તેના કારણે માથામાં ગંભીર ઈજા થવામાં કેસોમાં ખુબ વધારો થયો છે. આ માથામાં થતી ઈજા દર્દીને વિકલાંગતાઓ તરફ દોરી જાય છે. અને દુર્ભાગ્યવશ ક્યારેક તેને મોતના મુખમાં લઈ જાય છે. આ પ્રકારના અકસ્માતો ૨૦-૪૦ વર્ષની ઉમરના યુવાનોમાં વધારે જોવા મળે છે. માર્ગ સલામતી કાયદાને પાળવા અને જવાબદારીપૂર્વક વાહન ચલાવવું અકસ્માતોને રોકી શકે છે.

## વિધવાઓની યાદી તૈયાર કરી તાત્કાલિક સહાય અપાઈ

સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં ભિલોડાના ધારાસભ્ય ડૉ.અનિલભાઇ જોષીયારાએ પંચાયત તેમજ શાળા અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના



મકાન બનાવવા તેમજ ગામડાઓને જોડતા બારમાસી રસ્તાઓ બનાવવા તેમજ ઘણા લાંબા સમયથી રજૂઆત થતા શામળાજીને તાલુકા બનાવવાના નીતિ વિષયકને બાબતને સરકારમાં રજૂઆત કરવા અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. જયારે મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે ગ્રામ્ય વિસ્તારના પેટા પરામાં આવાસ યોજનાના કામોમાં ઝડપ લાવવા, વીજળીકરણ માટે સબ સ્ટેશન બનાવવા તથા મોડાસા શહેરના બસ સ્ટેશનના કામને ગતિમય કરવાના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી જયારે જિલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પરમારે ગામતળ નીમ કરી જરૂરીયાતમંદ લોકોને પ્લોટ ફાળવવા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં થયેલા દબાણો દૂર કરવાના લગતા પ્રશ્ન રજૂ કર્યા હતા જેના નિરાકરણ માટે કલેકટર દ્વારા સબંધિત અમીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકમાં કલેકટર ઔરંગાબાદકરે વિધવા સહાય માટે સ્તુત્ય નિર્ણય લેતા વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી આધારે જિલ્લામાં નોંધાયેલ વિધવાઓની યાદી તૈયાર કરી ઝુંબેશના સ્વરૂપે તાત્કાલિક સહાય પુરી પાડવા સબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. જિલ્લામાં ક્યા ગામમાં કેટલી ગામતળ નીમ જમીન ઉપલબ્ધ છે તેના માટે તાલુકા વિકાસ અધિકારી અને તલાટીઓ સરવે કરી રીપોર્ટ કરે જેથી જમીનને નીમ કરી જરૂરીયાતમંદ લોકોને ઝડપથી આવાસ ફાળવી શકાય ઉપરાંત દરેક પંચાયતમાં દબાણ રજીસ્ટર ખાસ નિભાવવાની સાથે લેન્ડ કમિટીની બેઠકમાં સમયાંતરે મળે તે અંગે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમજ બાકી પેન્શન કેસો, કર્મચારીઓના ખાનગી અહેવાલ, કચેરીઓનું નિરીક્ષણ ઓનલાઈન ફરિયાદોનો નિકાલ તેમજ આગામી ૩૦મીએ યોજાનાર રોજગાર મેળામાં રોજગાર વાંચ્છુઓને માર્ગદર્શન મળી રહે તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું જયારે જિલ્લામાં ચાલી રહેલ ×સ્વચછતા હિ સેવા× અભિયાનને વધુ વેગવંતુ બનાવી જિલ્લાને પ્લાસ્ટીકમુક્ત બનાવવાની દિશામાં કામ કરવા સૂચના આપી હતી.




**સીપીઆઈ(એમ) અને સીપીઆઈ(એમ.એલ) આદિવાસી સમાજના હક્ક અધિકારો માટે મોડાસામાં મહારેલી**

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ભારતનો સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી) અને સીપીએમ (એમ.એલ) અરવલ્લી-સાબરકાંઠા જીલ્લા સમિતિએ લાલ વાવટા સાથે આદિવાસીઓના હક્ક અધિકારો માટે મહારેલી યોજી જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકને આવેદનપત્ર આપી આદિવાસી સમાજના હક્કો માટે ન્યાયની માંગ કરી હતી. ભારતનો સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી) અને સીપીએમ (એમ.એલ) અરવલ્લી જીલ્લાના ડાહ્યાભાઈ જાદવની અધ્યક્ષતા હેઠળ જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની આગેવાની સરકાર દેશમાં ખાનગીકરણને મહત્વ આપી રહી છે. દેશના તમામ જાહેર સાહસો વેચવા કાઢ્યા છે, જંગલો ખાનગી કંપનીઓને પધરાવી દેવા સરકાર પેરવી કરી રહી છે, આદિવાસીઓના ૧૯૨૭ માં મળેલા જળ,જમીન અને જંગલના હક્ક અધિકારોને છીનવી લેવા માટે નવો " ભારતીય વન કાનૂન-૨૦૧૯" લાવવાનો વિચારી રહી છે કાયદાનો ડ્રાફ્ટ રાજ્ય સરકારોને મોકલી આપ્યો છે અને કાનૂનની ચર્ચા કરવા પણ સરકાર તક અપાતી નથી. "ભારતીય વન કાનૂન-૨૦૧૯" અધિનિયમનથી આદિવાસીઓ પર કાનૂની જુલમો વધી જશે અને કાયદાથી આદિવાસી સમાજ જંગલમાંથી વન્યપેદાશ કે ઢોર પણ ચરાવી નહિ શકે સહીત દંડ અને જેલની જોગવાઈ હોવાથી અને જંગલમાંથી ખદેડી મુકાશે તથા આદિવાસી સમાજના હક્ક છીનવતા ૨૦ લાખથી વધુ આદિવાસી સમાજના લોકોને નુકશાન જશે જેથી આ કાળા કાયદાનો વિરોધ કરી આદિવાસી સમાજમાં હિત અને હકોનું રક્ષણ કરવા ની માંગ કરી હતી.

## ડીસામાંથી બાઇકની ઉઠાંતરી

ડીસાના જયંત નગર ખાતે રહેતા અંકિતકુમાર એમ.ભાટિયા (ઠક્કર) શહેરના જુના બસ સ્ટેન્ડ પાસેના એન.આર પાર્કમાં ઈલેક્ટ્રોનિકસની દુકાન ધરાવે છે.ગત મંગળવારે તેઓએ પોતાનું બાઇક (ન.જીજે.૦૮એએન ૬૭૪૮ દુકાન નીચે પાર્ક કર્યું હતું. પરંતુ અચાનક બાઈક ના દેખાતા તેઓએ બાઇકની શોધખોળ હાથ આદરી હતી.

## એકતા રેલી

● **અનુસંધાન છેલ્લાનું ચાલું**

છે. જેના અનુસંધાને ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા તા ૨૧ સપ્ટેમ્બરે બપોરે ૨ : ૩૦ કલાકે સે-૧૭ સ્થિત સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે પ્રદેશ પ્રવકતા ભરત પંડયાના અધ્યક્ષ સ્થાને એક રાષ્ટ્ર એક સંવિધાન તેમજ ભારત માતા એકતા રેલીના કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં ગાંધીનગર ભાજપના તમામ આગેવાનો, શુભેચ્છકો , કોર્પોરેટરો, નગરના આગેવાનો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. જયારે સાંજે ૬ કલાકે ફન સ્ટ્રીટના કાર્યક્રમનુ આયોજન કરાયુ છે. આ કાર્યક્રમ અંતર્ગત જળ બચાવો તેમજ પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા માટે સંકલ્પ લેવડાવાશે આ તબક્કે નગરજનોને હાજરી આપવા માટે પણ જણાંવાયુ છે.

## શકર મશીન

● **અનુસંધાન છેલ્લાનું ચાલું**

હાલની સ્થિતિએ તંત્ર પાસે એક જ સુપર શકર મશીન છે. ભાડેથી કાર્યરત આ મશીનના આધારે વધુ ફરિયાદોને નિવારવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા વધુ બે સુપર શકર મશીન ભાડેથી રાખવા માટે પ્રક્રીયા હાથ ધરાઈ છે. જો કે વર્ષ દરમિયાન એક મશીન દીઠ ભાડાનો ખર્ચ ૪૫ થી ૪૮ લાખ સુધી થઈ શકે છે. આમ બે મશીન ભાડેથી કાર્યરત કરવા માટે અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ કરવો પડશે બીજીતરફ ગટરોની સમસ્યાને ડામવા માટે આ મશીનરી ઉપયોગી પુરવાર થશે.